BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# આદિવાસીઓ અને રાજકીય પ્રતિનિધિત્વ

ડૉ. સંજય ર.પટેલ

## ➢ પ્રસ્તાવના

કોઈપણ સમાજ નેતૃત્વને ઝંખે છે. તેમજ સમાજ માટે નેતૃત્વ અનિવાર્ય હોય છે. સમાજની ઓળખ જળવાય તે માટે નેતૃત્વ શરતો ઘડી કાઢે છે. નેતૃત્વનાં નિર્ણાયક પરિબળોથી સામાજિક પરિસ્થિતિમાં પરિવર્તનો આવતા હોય છે. તે મુજબ નેતૃત્વના નિર્ણાયક પરિબળો પરિવર્તન પામતાં હોય છે. આમ નેતૃત્વ એ સમાજને મળેલી બક્ષીસ છે. અને તે સાથોસાથ નેતૃત્વ સમાજને કંડારે છે. નેતૃત્વ અને સમાજ એમ બંન્નેની વચ્ચે થતી આંતરક્રિયાને પરિણામે રાજકીય વિચારસરણી જન્માવે છે. અને દરેક રાજકીય વિચારસરણી પ્રજાના ધ્યેયને શ્રેય બનાવે છે. લોકહિતના ધ્યેયને પરિપૂર્તિ કરવાની જવાબદારી જે-તે નેતૃત્વ પર નિર્ભર રહે છે. અને ધ્યેયની પરિપૂર્તી માટે એક અસરકારક અને પ્રભાવશાળી વ્યક્તિની જરૂર પડે છે અને દરેક સમાજ એવી વ્યક્તિઓની શોધ કરે છે. જે સૌપ્રથમ પોતાનામાં પરિવર્તનો લાવી શકે. ઓશવાલ્ડ સ્પેગ્લર નેતૃત્વ અંગે પોતાના 'પુસ્તક મેન એન્ડ ટેકનીક્સ'માં જણાવે છે કે 'આ યુગમાં ફક્ત બે પ્રકારની ટેકનીકજ નહિ પરંતુ બે પ્રકારના માનવીઓ પણ છે જેમાં એક પ્રકાર આદેશ આપવાની પ્રકૃતિ અને બીજા માનવીમાં આદેશનું પાલન કરવાની પ્રકૃતિ હોય છે જે મનુષ્યના જીવનનો સ્વભાવ સ્વરૂપ છે'આ મનુષ્યમાં કેટલાય યુગ બદલે પરંતુ આવું સ્વરૂપ સંસાર જ્યાં સુધી છે ત્યાં સુધી રહેશે.

**Keywords:** આદિવાસીઓ, રાજકીય પ્રતિનિધિત્વ

## ➢ નેતૃત્વની ઐતિહાસિક વિભાવના

પ્રાચીન ગ્રીસમાં પ્લેટોએ તેનાં પુસ્તક ‘ રિપબ્લિક ’ માં દાર્શનિક રાજવીનું વિસ્તૃત વર્ણન કર્યું છે. અને તે જણાવે છે કે આદર્શનગરની સ્થાપના માટે દાર્શનિકને રાજવી બનાવવો જોઈએ કાંતો રાજવીએ દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ. તેનું કારણ આપતાં જણાવે છે. કે દાર્શનિક રાજવીઓ જ ન્યાયી અને આદર્શ રાજ્યકર્તાઓ બની શકે. તેમજ મેકીયાવેલીના ‘ ધી પ્રિન્સ ’ પુસ્તકમાં જણાવ્યું છે કે નેતા અન્ય લોકો પર કેવી રીતે સત્તા કરી શકે ? અને સત્તાને જાળવે ? તે માટેની વિવિધ યુક્તિ - પ્રયુક્તિઓની વિસ્તૃત વર્ણન જોવા મળે છે. આ ઉપરાંત દાર્શનિક નેતાના લક્ષણો પ્રગટ કરે છે. તે એક મિત્ર,એક દાર્શનિક અને માર્ગદશક બને છે. નેતા સતત સર્વને પ્રોત્સાહિત અને અભિપ્રેરિત કરતા રહે છે.નેતા તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતા સર્વનું સમ્માન કરતા હોય છે.પોતાના સ્વદ્રષ્ટાંત થી પોતાની સંસ્થામાં મુલ્યોનું નિરૂપણ અને સંવર્ધન કરતા હોય છે.

## ➢ નેતૃત્વની દાર્શનિક વિભાવના

સમાજમાં વ્યક્તિ જ્યારે કોઈ એક સ્થળે સ્થિર જીવન જીવવાનો પ્રયત્ન કરતો થયો ત્યારે તેને કોઈ એક એવા વ્યક્તિની જરૂરિયાત ઉભી થાય છે કે જે વ્યક્તિ તેને દોરવણી કે માર્ગદર્શન આપી શકે. વ્યક્તિ - પૂજા એ નેતૃત્વમાંથી ઊભી થયેલી એક આડપેદાશ છે. નેતા એ તો અનુયાયીઓનો નાયક છે. આ વ્યાખ્યા નેતૃત્વની દાર્શનિક વિભાવના નેતાનાં ગુણો અને લક્ષણોને સમજાવે છે. જે વ્યક્તિ કે વ્યક્તિઓ અમુક ચોક્કસ પ્રકારનાં ગુણો અને લક્ષણો સાથે જન્મે છે તેઓ તેમની નેતૃત્વ ભૂમિકા માટે યોગ્ય ઠરે છે જેમ કે બુદ્ધિ, સર્જનાત્મક કલ્પના, આવેગ, સ્થિરતા, અડગપણું વગેરે લક્ષણો છે.

## ➢ નેતૃત્વની મનોવૈજ્ઞાનિક વિભાવના

દાર્શનિક નેતૃત્વની વ્યખ્યાનાં તાર્કિક વિચારણા અને વિકાસમાંથી નેતૃત્વની મનોવૈજ્ઞાનિક વિભાવના ઉદ્દભવી છે. કે જે નેતાઓની વૈયક્તિક લાક્ષણિકતાઓની ઢબ પર વધુ ભાર મૂકે છે. કે જે તેઓનાં અનુયાયીઓની લાક્ષણિકતાઓ, પ્રવૃત્તિઓ અને ધ્યેયોના સંદર્ભ કે સંબંધ પર આધારિત છે. તેમજ સતત અને ઝડપી પરિવર્તનશીલ પરિબળોનાં આંતરક્રિયાના સંદર્ભમાં નેતૃત્વને જોવામાં આવે છે.

> ## ➢ નેતૃત્વની સામાજિક વિભાવના

નેતૃત્વની આ પ્રકારની વિભાવનાઓમાં સમાજશાસ્ત્રીઓ જૂથની લાક્ષણિકતાઓ પર વિશેષ ભાર મૂકે છે. નહીં કે જૂથને દોરી જનાર નેતા પર. કોઈ પણ સમાજ હોય દરેક સમાજ અને પ્રત્યેક જૂથમાં નેતૃત્વ જોવા મળે છે. અને જે-તે જૂથનાં નેતા તેના અનુયાયીઓનાં સંદર્ભમાં કાર્ય કરે છે. જૂથનાં સભ્યો વચ્ચે તથા તેના નેતા અને જૂથ વચ્ચે ચાલતી આંતરક્રિયાની તે પ્રક્રિયા છે. નેતૃત્વની સ્થિતિ સાથે સંકળાયેલ વૈયક્તિક લક્ષણો પર મનોવૈજ્ઞાનિકો ભાર મૂકે છે. જ્યારે સમાજશાસ્ત્રીઓ કઈ પરિસ્થિતિમાં નેતૃત્વ ઉદ્દભવેલું છે તેના પર ભાર મૂકે છે.

## ➢ નેતૃત્વની રાજકીય વિભાવના

મનોવૈજ્ઞાનિક અને સામાજિક નેતૃત્વની વિભાવનાનું તાર્કિક પરિણામ જે રાજકીય નેતૃત્વની વિભાવના છે. રાજકીય નેતૃત્વની વિભાવનામાં નેતાનાં કાર્યોનો વિશિષ્ટ પરિસ્થિતિના સંદર્ભમાં અભ્યાસ થયેલાં છે. રાજકીય વિભાવનામાં એ બાબતની સ્પષ્ટતા સાથે સ્વીકાર કરવામાં આવ્યો છે. કે જે વ્યક્તિઓ નેતૃત્વની ભૂમિકા ભજવે છે. તેમનામાં વારસાગત કેટલીક લાક્ષણિકતાઓ રહેલી છે. અને તેઓ એક વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિમાં કાર્ય કરે છે. તેમજ નેતાનું વર્તન દરેક પરિસ્થિતિ પ્રમાણે વર્તન જુદુ જુદું હોઈ શકે. તેમજ જો કોઈ નેતા એક પરિસ્થિતિમાં સફળ નીવડ્યો હોય તે પોતાની કાર્યપદ્ધતિ ન બદલે તો બીજી પરિસ્થિતિમાં નિષ્ફળ જાય તેમ પણ બની શકે. અર્થાત્ રાજકીય નેતૃત્વની વિભાવના દ્વારા એવું કહી શકાય કે જે-તે પરિસ્થિતિ કે સંજોગો મુજબ નેતાએ પોતાની કાર્યપ્રણાલી પરિવર્તક્ષમ બનાવવી જોઈએ કાંતો નેતા એટલી મજબૂત હોવો જોઈએ કે જે તે સંજોગો કે પરિસ્થિતિને પરિવર્તનક્ષમ બનાવે.

## ➢ લોકશાહી નેતૃત્વ

ભારત લોકશાહી રાષ્ટ્ર છે. પૂર્વ સ્વાતંત્ર્યકાળમાં ભારતીય પ્રજાએ લોકશાહી નેતૃત્વ આવકાર્યું છે. માટે લોકશાહી નેતૃત્વનો ખ્યાલ આપવો જરૂરી બને છે.

લોકશાહી નેતૃત્વનું ઉદ્દભવ સ્થાન સમગ્ર જૂથ હોય છે. જૂથના સભ્યોની ચર્ચા-વિચારણા અને પસંદગીને અંતે લોકશાહી નેતૃત્વ ઉદ્દભવે છે. લોકશાહી નેતૃત્વ જૂથમાંથી ઉદ્દભવ્યું હોવાને કારણે તેને સત્તા અને અધિકારોની લોકસંમતિ મળે છે. નેતા પોતાની અનુયાયીઓ અને સમસ્ત પ્રજા સાથે હળીમળી જાય છે. અને તેઓના સતત સંપર્કમાં રહે છે. નેતા જૂથ પ્રવૃત્તિઓમાં અને જૂથધ્યેયો નક્કી

કરવાની બાબતોમાં જૂથસભ્યોને શક્ય તેટલા પ્રમાણમાં વધુ સહભાગી બનાવે છે. તેઓની સાથે ચર્ચા-વિચારણા કરે છે. અને તેઓના અભિપ્રાયોને મહત્વ આપે છે. આમ તેઓ જૂથ પ્રવૃત્તિઓમાં વધારે ક્રિયાશીલ બને છે. જૂથ પ્રવૃત્તિઓમાં તેઓ પોતાની શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરે તેવા પ્રયાસ નેતા કરે છે.

સત્તા અને જવાબદારીઓનું કેન્દ્રીકરણ કરવાને બદલે તેની વહેંચણી કરવાનું તે વધુ યોગ્ય માને છે. એક હાથે સત્તાને બદલે સત્તાના ભોગવટામાં તેઓને સહભાગી બનાવે છે. સત્તાને વ્યક્તિગત ઉત્કર્ષનું સાધન બનવાને બદલે વ્યાપક જનસમુદાયનાં શ્રેયનું સાધન માને છે. સત્તા તેને મન સાધ્ય નથી, સાધન છે.

તેમજ જૂથનાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે જૂથસભ્યો વચ્ચેના પારસ્પરિક વિધાયક સંબંધોને પ્રોત્સાહન આપે છે. આંતરિક સંઘર્ષોને નાબૂદ કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. જૂથમાં પ્રવર્તતી તંગદિલી નિવારવા યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવે છે. સાથો સાથ તે ચકોર નજર રાખે છે. કે જેથી સભ્યો વચ્ચે તીવ્ર પ્રકારનાં દરજ્જા ભેદો ઊભા ન થાય. તે પોતાના વિચારોનાં વિરોધ કરવાને બદલે વિરોધીઓને સમજાવી અથવા કોઈ પણ પ્રકારે રીઝવીને પોતાની સાથે રાખવા હંમેશા તત્પર રહે છે. તે પોતાના અનુયાયીઓની સમસ્યાઓ તરફ જાગૃત રહે છે. તેમની ઈચ્છાઓ, અપેક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓને અનુરૂપ યોજનાઓ ઘડે છે. તેમજ કોઈપણ પ્રકારનાં નિર્ણય લે તે પહેલાં સૌ પ્રથમ વિરોધીઓને વિશ્વાસમાં લે છે. તેમજ વિશ્વાસમાં લઈ શકાય તેવો આત્મ વિશ્વાસ ધરાવ છે.

- **આદિવાસીઓ માટે ભારતીય સંવિધાનમાં આપવામાં આવેલ વ્યાખ્યા**

અનુસૂચિત જનજાતિ શબ્દનો સર્વપ્રથમ ભારતના બંધારણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. બંધારણના અનુચ્છેદ ૩૬૬ (૨૫) મુજબ અનુસૂચિત જનજાતિને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

'અનુસૂચિત જનજાતિઓ'ને એવી જનજાતિઓ અથવા જનજાતિ સમુદાયોનો ભાગ અથવા એવા જૂથ સામેલ છે જેમાં બંધારણીય ઉપયોગ માટે અનુચ્છેદ ૩૪૨ના અનુસાર અનુસૂચિત જનજાતિઓ સમજવામાં આવે છે.

અનુચ્છેદ ૩૪૨, જે જનજાતિઓની ઓળખનો અર્થ બતાવે છે જે નીચે મુજબ છે:

### ૩૪૨ - અનુસૂચિત જનજાતિઓ

(૧) રાષ્ટ્રપતિ કોઈપણ રાજ્ય અથવા સંઘ શાસિત ક્ષેત્રોમાં સંબંધમાં અને જ્યાં એ રાજ્ય છે ત્યાંના રાજ્યપાલની સલાહથી લોકઅધિસૂચના દ્વારા તે જનજાતિઓ કે જનજાતિ સમુદાયો અથવા જનજાતિઓ કે જનજાતિસમુદાયોના ભાગો અથા તેના જૂથોને નિર્દિષ્ટ કરી શકશે. જેને આ સંવિધાનના પ્રયોજન માટે યથાસ્થિતિ તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના સંબંધમાં અનુસૂચિત જનજાતિ ગણવામાં આવશે.

(૨) સંસદીય કાર્યવાહી દ્વારા કોઈપણ જનજાતિ કે જનજાતિ અથવા જનજાતિ સમુદાયનો ભાગ અથવા તેમાં જૂથ ખંડ(૧)ના આધિન કરવામાં આવેલી અધિસૂચનામાં નવનિર્દિષ્ટ અનુસૂચિત જનજાતિઓની સૂચિમાં જ્યારે કોઈ વ્યક્તિ જન્મથી અનુસૂચિત જનજાતિ હોવાનો દાવો કરે છે તો નીચે પ્રમાણેની બાબતો પ્રમાણિત કરવી જોઈએ.

(૧) જે તે વ્યક્તિ અને તેમના માતા-પિતા બતાવવામાં આવેલ સમુદાય સાથે સંબંધ ધરાવે છે ?

(૨) જે તે સમુદાય રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ રાજ્યના સંબંધમાં આદેશમાં અનુસૂચિત જનજાતિના રૂપમાં સામેલ છે.

(૩) તેમનો ધર્મ કોઈપણ હોઈ શકે છે.

(૪) જે તે વ્યક્તિ તે જ રાજ્યમાં તથા ક્ષેત્રમાં રહે છે. ત્યાં એ સમુદાયને અનુસૂચિતમાં રાખવામાં આવ્યો છે.

(૫) જે તે વ્યક્તિ રાષ્ટ્રપતિ દ્વારા બહાર પાડેલ વટહુકમના દિનથી તે રાજ્યનો સ્થાઈ નિવાસી હોવો જોઈએ.

(૬) એવો વ્યક્તિ જે વટહુકમ જાહેર થયેલ સમયે સ્થાઈ નિવાસથી અસ્થાઈ રૂપથી કોઈપણ કાર્યને માટે બહાર રહ્યા હોય. જેમ કે શિક્ષણ લેવા, ગુજરાન ચલાવવા તો તેને અનુસૂચિત જનજાતિ માની શકાય છે. જો તે સમુદાયને રાજ્ય દ્વારા સંબંધિત હુકમમાં સ્થાન આપવામાં આવેલું છે, પરંતુ તેને પોતાના અસ્થાઈ નિવાસમાં આવું ન માની શકાય. ભલે તે જનજાતિનું નામ તે ક્ષેત્ર સાથે સંબંધિત હુકમમાં હોય.

## ➢ આદિવાસીઓની વસ્તીવિષયક માહિતી

**અનુસૂચિત જનજાતિ વસ્તી-૨૦૧૧**

| ક્રમ | કુલ | ગ્રામીણ | શહેરી |
|---|---|---|---|
| ભારત | ૧૦૪,૨૮૧,૦૩૪ | ૯૩,૮૧૯,૧૬૨ | ૧૦,૪૬૧,૮૭૨ |

1. Tribal profile at a glance : 2013

## ➢ આદિવાસીઓની સંસ્કૃતિ

વિશ્વમાં આજે જ્યાં પ્રકૃતિ બચી છે ત્યાં આદિવાસી સમાજ રહે છે. પ્રકૃતિના તત્વોનો નાશ ન થાય એવા પ્રકારની જીવનવ્યવસ્થાને કારણે આદિવાસીઓના વસવાટ પ્રદેશમાં પ્રકૃતિ મહદ્અંશે બચવા પામી છે. આદિમધર્મની સ્થાપના કોઈ વ્યક્તિએ નથી કરી. એ પ્રાકૃતિક રીતે જ ઉદભવ થયો છે અને પ્રકૃતિમાંથી જ સંસ્કૃતિ વિકસી છે. પ્રકૃતિના તત્ત્વો સાથે આદિવાસીઓનો અતૂટ સંબંધ રહ્યો છે. આ પ્રકૃતિના તત્વોને પોતાના જીવનમાં આત્મસાત કરી તેમને નુકશાન ન થાય એ પ્રકારની સભ્યતાનો વિકાસ કર્યો છે. જંગલમાં લાકડા લેવા હોય તો જંગલની પૂજા કરવી. હળથી ખેતી કરવી અને ખેતી કરતાં પહેલાં ધરતીમાતાની છાતીમાં દર્દ થશે એવું સમજી ક્ષમા માંગી અને નારિયેળ ચઢાવે છે. ઘરમાં ખોરાક રાંધેલો હોય તે પહેલાં ચૂલા પાસે કાઢી મૂકવો. આ ઉપરાંત પશુપંખીઓ જે પોતાના ઘરના હોય તેમને પણ ખવડાવવું. આમ એક અમેપણાની ભાવના વિકસે છે. આ ઉપરાંત તે કૂવાનું પાણી હોય કે નદીનું પાણી હોય તેને આ પવિત્ર માને છે. આ ઉપરાંત આદિવાસી સમાજમાં ભગત એ સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. ઉપરાંત દરેક વારતહેવારે તેઓ કુદરતી તત્વોનું પૂજન કરે છે અને આમ જે પ્રત્યક્ષ હોય છે તેમને જ દેવ તરીકે પૂજે છે. પૂર્વજોને એ લોકો ખતરા વિદ્યાથી દેવ તરીકેનું પૂજન કરે છે. પરંતુ કોઈ અવતારમાં માનતા નથી. આમ, આદિમ સમાજની સંસ્કૃતિ એ જળ, જંગલ અને જમીન આધારિત કુદરતી તત્વોમાંથી ઊભી થયેલી સંસ્કૃતિ છે.

## ➢ ગુજરાતમાં આદિવાસી સમૂહો વિષયક માહિતી

ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ લૉ. જસ્ટીસ એન્ડ કંપની એફર્સના ૨૦ સપ્ટેમ્બર ૧૯૭૬ના એક્ટ નં- ૧૦૮ મુજબ તથા ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિવિકાસ) વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અજસ/૨૦૦૩/૨૦

જુ.ઓ.આઈ./૨૩-ચ, તા.૦૫-૦૯-03 મુજબ નીચે પ્રમાણેના જાતિ સમૂહો ને અનુસૂચિતજનજાતિ (આદિવાસી)નો દરજ્જો આપ્યો છે.

(1) બરંડા

(2) બાવચા - બામચા

(3) ભરવાડ (આલેચ, ગીર અને બરડાના નેસ વિસ્તારમાં)

(4) ભીલ, ભીલ ગરાસીયા, ઢોલીભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસીયા, મોવાસી ભીલ, રાવળભીલ, તડવીભીલ, ભાલીયા, ભીલાલ, પવાર, વસાવા, વસાવે.

(5) ચારણ (આલેચ, બરડા અને ગીર જંગલના નેસ વિસ્તારમાં)

(6) ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં)

(7) ચૌધરી

(8) ધાનકા, તડવી, તેતરીયા, વાલવી

(9) ઢોડિયા, ઢોડી

(10) દૂધાળા, તલાવીયા, હળપતિ

(11) ગામીત, ગામટા, ગાવીત, માવચી, પાડવી

(12) ગોન્ડ, રાજગોન્ડ

(13) કાથોડી, કાતકરી, ઢોરકથોડી, ઢોરકાતકરી, સોનકાથોડી, સોનકાતકરી

(14) કોંકણા, કોરણી, કુકવા

(15) કોળી ઢેર, ટોકરેકોળી, કોલચા, કોલઘા

(16) કણબી (ડાંગ જિલ્લામાં)

(17) નાયકા, નાયકા, ચોલીવાલા નાયકા, કાપડીયા નાયકા, મોટાનાયકા, નાનાનાયકા

(18) પઢાર

(19) પારધી, એડવીચીથર, ફણસેપારધી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ, અને સુરેન્દ્રનગર જિલ્લા સિવાયના)

(20) પટેલીયા

(21) પોમલા

(22) રબારી (આલેચા, બરડા અને ગીર જગલના નેસ વિસ્તારમાં)

(23) રાઠવા

(24) સીદ્દી, સીદ્દી બદશાં (અમરેલી, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં)

(25) વારલી

(26) વીટોળીયા, કોટવાળીયા, બરોડીયા

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા (આદિજાતિવિકાસ) વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : અજસ/૨૦૦૩/૨૦ જુ.ઓ.આઈ./ ૨૩-ચ, તા. ૦૫-૦૯-૦૩ થી કચ્છ જિલ્લાની કોળી, પારધી અને વાઘરી જાતિઓને અનુસૂચિત જનજાતિમાંથી રદ કરેલ છે. જેની શિષ્યવૃત્તિ મેળવવાની દરખાસ્તમાં સદર જાતિઓને બંધારણની અનુસૂચિમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

- **ગુજરાતના આદિવાસી વિસ્તારોને મળેલ બંધારણીય હકો**

૭૩મા બંધારણીય સુધારા અંતર્ગત દેશના સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં જે પરિવર્તન આવ્યુ એ અંતર્ગત આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ અંતર્ગત જે કંઈપણ કાર્ય થઈ રહ્યું છે તેને તપાસવા માટે તથા નવી ભલામણો માટે મધ્યપ્રદેશના આદિવાસી નેતા ભૂતપૂર્વ સાંસદ દિલીપસિંહ ભૂરિયાની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકારે એક સમિતિની રચના કરી અને આ સમિતિએ આદિવાસી વિસ્તારો માટે કેન્દ્ર સરકારને કેટલીક ભલામણો કરી અને એ અંતર્ગત ભારતીય સંસદે ડિસેમ્બર ૧૯૯૬ માં પંચાયતમાં જોગવાઈ ( અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) ૧૯૯૬ માં બંધારણીય કાયદો બનાવવામાં આવ્યો. અને દરેક રાજ્ય ને પોતાના આદિવાસી વિસ્તારોમાં પંચાયતીરાજ માટે એક વર્ષમાં જ કાયદો ઘડવાની સૂચના આપી ઉપરાંત ભારતીય બંધારણની પાંચમી અનુસૂચિમાં કુલ ૯ રાજ્યોને અનુસૂચિત ક્ષેત્રોવાળા રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો છે. બંધારણની કલમ ૨૪૪(૧) મુજબ રાષ્ટ્રપતિને સત્તા આપવામાં આવી છે કે દરેક રાજ્યના ગવર્નરો સાથે ચર્ચા-વિચારણા કરીને રાજ્યોના અનુસૂચિત વિસ્તારો ઘોષીત કરી શકે છે. આ બંધારણની પાંચમી અનુસૂચિતમાં છે. જેમાં નવ રાજ્યો જોઈએ તો(૧) આંધ્રપ્રદેશ (૨) હિમાચલ પ્રદેશ (૩) ગુજરાત (૪) ઓરિસ્સા (૫) રાજસ્થાન (૬) મહારાષ્ટ્ર (૭) છત્તીસગઢ (૮) મધ્યપ્રદેશ (૯) ઝારખંડ રાજ્યને સમાવવામાં આવ્યા છે.

આમ અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ અધિનિયમ ૧૯૯૬ ના કાયદા હેઠળ કેન્દ્ર સરકારની સૂચના અન્વયે ગુજરાત સરકારે ખરેખર ઈ.સ. ૧૯૯૭માં આવો કાયદો કરવાનો હતો. પરંતુ તેને બદલે ગુજરાત સરકારે તારીખ ૨૦-૧૨-૧૯૯૭ના રોજ એક વટહુકમ બહાર પાડ્યો હતો. આ વટહુકમની મુદત છ માસની હતી. અને તે ૨૦મી જૂન ૧૯૯૮ સુધીમાં પૂરી થતી હતી. એટલે કે ગુજરાત વિધાનસભાએ ગુજરાતના આદિવાસી વિસ્તારો માટે જુલાઈ ૧૯૯૮ સુધીમાં એક કાયદો ઘડ્યો છે. તેમાં ગુજરાત પંચાયત સુધારા ધારો ૧૯૯૮ ગુજરાતના ૧૨ જિલ્લાના ૪૩ તાલુકામાં આ કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. ભારતના બંધારણની જોગવાઈ અનુસાર ગુજરાતના આ આદિવાસી વિસ્તારો અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરાયેલા છે. ગુજરાતમાં ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે આદિવાસીઓની સંખ્યા ૯૫ લાખ હતી જે કુલ વસ્તીના ૧૫ % થાય છે.ગુજરાત પંચાયત

વ્યવસ્થામાં સરકાર પોતાના અધિકારો સુપ્રત કરી દે અને યોગ્ય સત્તાધિકારી જાહેર કરે એટલે સરકારનું કામ પુરું થાય. પરંતુ પંચાયતને આપેલ અધિકાર ભોગવવા પંચાયત અવારજવાર મળી શકે નહિ. અધિકારી માટે વહીવટી જવાબદારી ઉપરાંત કાયદા અને નિયમોથી જે જવાબદારીઓ અવે તે પંચાયતીરાજમાં એટલી બધી થાય છે કે તેણે બોજો હળવો કરવા પણ અધિકારો બીજાને સોપવા પડે. અને ઠરાવમાં કચાસ રાખે તો ન સોંપેલાં કાર્યો અને સ્તતાઓ કલમ-૧૪૫ તથા ૧૨૩(૧૪) અને ૯૨(૧૧) મુજબ પંચાયતે પોતે જ કરવાં પડે. શિડ્યુલ એરિયામાં પંચાયત ધારો આવા સામાન્ય કાયદાથી આગળ જાય છે. અને ધારામાં સ્પષ્ટ રીતે કલમ ૨૭૧ની જોગવાઈથી પ્રાપ્ત થયેલ અધિકારો બીજાને આપી શકે તેવી સરળતા કાયદાથી કરી છે. એટલે કે રીડેલીગેશન કાયદેસર બનાવ્યું લોકસભાની બેઠકોમાં **ST** પ્રતિનિધિત્વની નીચેના કોષ્ટક પરથી આપણને વધારે ખ્યાલ આવશે.

**Allocation of Seats in House of People** (લોકસભાની બેઠકોમાં **ST** પ્રતિનિધિત્વ)

| Serial Number and Name of the State/Union Territory | | Number of seats in the House as constituted in 2004 on the basis of the Delimitation of Parliamentary and Assembly Constituencies Order, 1976 as amended from time to time | | | Number of seats in the House as subsequently constituted as per the Delimitation of Parliamentary and Assembly Constituencies Order, 2008 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Total | Reserved for the Scheduled Castes | Reserve For the Scheduled Tribes | Total | Reserved for the Scheduled Castes | Reserved for the Scheduled Tribes |
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| | I. STATES | | | | | | |
| 1. | Andhra Pradesh | 42 | 6 | 2 | 42 | 7 | 3 |
| 2. | Arunachal Pradesh | 2 | .. | .. | 2 | .. | .. |
| 3. | Assam | 14 | 1 | 2 | 14 | 1 | 2 |
| 4. | Bihar | 40 | 7 | .. | 40 | 6 | .. |
| 5. | Chhattisgarh | 11 | 2 | 4 | 11 | 1 | 4 |
| 6. | Goa | 2 | .. | .. | 2 | .. | .. |
| 7. | Gujarat | 26 | 2 | 4 | 26 | 2 | 4 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8. | Haryana | 10 | 2 | .. | 10 | 2 | .. |
| 9. | Himachal Pradesh | 4 | 1 | .. | 4 | 1 | .. |
| 10. | Jammu and Kashmir | 6 | .. | .. | 6 | .. | .. |
| 11. | Jharkhand | 14 | 1 | 5 | 14 | 1 | 5 |
| 12. | Karnataka | 28 | 4 | .. | 28 | 5 | 2 |
| 13. | Kerala | 20 | 2 | .. | 20 | 2 | .. |
| 14. | Madhya Pradesh | 29 | 4 | 5 | 29 | 4 | 6 |
| 15. | Maharashtra | 48 | 3 | 4 | 48 | 5 | 4 |
| 16. | Manipur | 2 | .. | 1 | 2 | .. | 1 |
| 17. | Meghalaya | 2 | .. | .. | 2 | .. | **2** |
| 18. | Mizoram | 1 | .. | 1 | 1 | .. | **1** |
| 19. | Nagaland | 1 | .. | .. | 1 | .. | **..** |
| 20. | Orissa | 21 | 3 | 5 | 21 | 3 | **5** |
| 21. | Punjab | 13 | 3 | .. | 13 | 4 | **..** |
| 22. | Rajasthan | 25 | 4 | 3 | 25 | 4 | **3** |
| 23. | Sikkim | 1 | .. | .. | 1 | .. | **..** |
| 24. | Tamil Nadu | 39 | 7 | .. | 39 | 7 | **..** |
| 25. | Tripura | 2 | .. | 1 | 2 | .. | **1** |
| 26. | Uttarakhand | 5 | .. | .. | 5 | 1 | **..** |
| 27. | Uttar Pradesh | 80 | 18 | .. | 80 | 17 | **..** |
| 28. | West Bengal | 42 | 8 | 2 | 42 | 10 | **2** |
| | **II. UNION TERRITORIES** | | | | | | |
| 1. | Andaman and Nicobar Islands | 1 | .. | .. | 1 | .. | **..** |
| 2. | Chandigarh | 1 | .. | .. | 1 | .. | **..** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3. | Dadra and Nagar Haveli | 1 | .. | 1 | 1 | .. | **1** |
| 4. | Delhi | 7 | 1 | .. | 7 | 1 | **..** |
| 5. | Daman and Diu | 1 | .. | .. | 1 | .. | **..** |
| 6. | Lakshadweep | 1 | .. | 1 | 1 | .. | **1** |
| 7. | Puducherry | 1 | .. | .. | 1 | .. | **..** |

સંદર્ભ- **Delimitation of Parliamentary and Assembly Constituencies Order, 2008**

**Election Commission of INDIA**

## ગુજરાત વિધાનસભા બેઠકોમાં આદિવાસીઓમાટે રાજકીય પ્રતિનિધિત્વ

| ક્રમ | અનુ.જનજાતિ બેઠકનું નામ |
|---|---|
| **1** | **10- Danta (St)** |
| **2** | **29- Khedbrahma (St)** |
| **3** | **30- Bhiloda(St)** |
| **4** | **123- Santarampur (St)** |
| **5** | **125- Morva Hadaf (St)** |
| **6** | **129- Fatepura (St)** |
| **7** | **130- Jahlod (St)** |
| **8** | **131- Limkheda (St)** |
| **9** | **132- Dahod (St)** |
| **10** | **133- Garbada (St)** |
| **11** | **137 Chhotaudepur (St)** |
| **12** | **138 Jetpur (St)** |
| **13** | **139- Sankheda (St)** |
| **14** | **148- Nandod (St)** |
| **15** | **149- Dediapada (St)** |
| **16** | **152- Jhagadiya (St)** |
| **17** | **156- Mangrol (St)** |
| **18** | **157- Mandvi (St)** |

| | |
|---|---|
| **19** | **170- Mahuva (St)** |
| **20** | **171- Vyara (St)** |
| **21** | **172- Nizar (St)** |
| **22** | **173- Dangs (St)** |
| **23** | **176- Gandevi (St)** |
| **24** | **177- Bansda (St)** |
| **25** | **178- Dharampur (St)** |
| **26** | **181-Kaprada (St)** |
| **27** | **182- Umbergaon (St)** |

સંદર્ભ- **Delimitation of Parliamentary and Assembly Constituencies Order, 2008 Election Commission of India**

➢ **પંચાયત ખરડાની (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) જોગવાઈઓ ૧૯૯૬ (પેસા એક્ટ)**

**મુજબ ઉપરોક્ત વિધાનસભા રાજકીય પ્રતિનિધિત્વની સાથે આ કાયદામાં આદિવાસી વિસ્તારોની સભાને વિશેષ હકો આપવમાં આવેલ છે જેમની દેખરેખ હેઠળ નીચે મુજબના કાર્યો આધારિત કામગીરી કરવાની થતી હોય છે જેમાં પંચાયત ખરડાની (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) જોગવાઈઓ ૧૯૯૬ (પેસા એક્ટ) :**

અનુસૂચિત વિસ્તારમાં પંચાયત સંબંધિત બંધારણમાં દર્શાવેલ ભાગ - ૯ ના વિસ્તરણ દર્શાવતો ખરડો પ્રજાસત્તાક ભારતના ૪૭ના વર્ષમાં સંસદ દ્વારા નીચે મુજબનો ખરડો કરવામાં આવે છે.

(1) આ અધિનિયમ પંચાયત ખરડાની (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) જોગવાઈઓ ૧૯૯૬ કહેવાશે.

(2) આ અધિનિયમમાં જ્યાં સુધી બીજા સંદર્ભો થાય નહિં ત્યાં સુધી ‘ અનુસૂચિત વિસ્તાર ’ બંધારણની કલમ ૨૪૪ના ખંડ (૧) માં અનુસૂચિત વિસ્તાર દર્શાવ્યા પ્રમાણે રહેશે.

(3) પંચાયતને સંબંધિત બંધારણની ભાગ-૯ ની જોગવાઈઓને અહિં અનુસુચિત વિસ્તાર માટે એવા અપવાદ અને સુધારા સિવાય કે સાથે વિસ્તૃત પરિચ્છેદ - ૪ માં દર્શાવવામાં આવે છે.

(4) બંધારણના ભાગ - ૯ અન્વયેની કોઈપણ વાંધાજનક બાબતોને રાજ્યની ધારાસભા દ્વારા કોઈપણ કાયદાનો ભોગ હેઠળ બનાવી શકશે નહિં કે જે ભાગના લક્ષણોને અનુરૂપ ન હોય અને નીચે દર્શાવેલી બાબતોને વિરૂદ્ધ ન હોય.

(અ) રાજ્ય સરકારે પંચાયત અંગેનો એવો કાયદો બનાવવો કે જે રૂઢિજન્ય કાયદા સામાજિક અને ધાર્મિક કામો તથા સામૂહિક સંપત્તિઓનું પરંપરાગત રીતે ઉપયોગ કરવાની પ્રમાણે હોય, સરપંચ/પ્રમુખ આદિજાતિ સભ્યોને જ રહેશે.

(બ) ગામમાં સામાન્ય રીતે રહેઠાણ, રહેઠાણનો સમૂહ, ઝૂંપડી, ઝૂંપડીઓના જૂથનો સમૂહનો સમાવેશ થશે. તેઓ તેમની જીવન પ્રણાલીનું સંચાલન રૂઢિ અને રિવાજો પરંપરાગત પ્રણાલીઓ અને રિવાજ મુજબ કરતા રહેશે.

(ક) દરેક ગામની ગ્રામસભાના સભ્યોનું નામ ગ્રામસ્તરે પંચાયતની મતદાર યાદીમાં હોય, પણ પેટા પરાં કે ગામ માટે સ્વતંત્ર ગ્રામપંચાયત રચી શકાશે (કલમ-૭)

(ડ) દરેક ગ્રામસભા લોકોના પરંપરાગત રૂઢિરિવાજો, તેમની સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સંપત્તિ અને સમસ્યાઓનું રિવાજ પ્રમાણે ઉકેલ કરવા માટે, જાળવણી અને સલામતી રાખવા માટે સક્ષમ રહેશે.

(ઈ) (૧) દરેક ગ્રામસભાએ દરેક ગામમાં સામાજિક અને આર્થિક વિકાસના ગ્રામ્ય સ્તરે પંચાયત દ્વારા ચાલતાં આયોજનો, કાર્યક્રમો અને યોજનાઓના અમલીકરણ પહેલાં તેને મંજૂર કરશે.

(૨) ગરીબી નિવારણ અને અન્ય કાર્યક્રમો હેઠળના લાભાર્થીઓની ઓળખ અને પસંદગી કરવા માટે જવાબદાર રહેશે.

(ફ) ગ્રામ્યસ્તરે દરેક પંચાયત દ્વારા ખંડ(ઈ) અન્વયે દર્શાવેલ આયોજન, કાર્યક્રમો અને યોજના માટેનું જરૂરી ભંડોળના વપરાશ અને ખર્ચાયા કે નહિં તે અંગેનું પ્રમાણપત્ર પંચાયતે ગ્રામસભાની પાસેથી લેવાનું રહેશે.

(ગ) બંધારણના ભાગ-૯ માં પંચાયતોમાં બેન્કોન્ય આરક્ષણ માટે બતાવ્યા પ્રમાણે દરેક પંચાયતમાં અનુસૂચિત વિસ્તારમાં બેઠકોનું આરક્ષણ જાતિની વસ્તીના સપ્રમાણમાં રાખવાનૂં રહેશે અને આદિવાસીઓની બેઠકોનું આરક્ષણ કુલ બેઠકોના ૫૦ ટકા કરતાં ઓછું રાખી શકાશે નહિં.

વધુમાં પંચાયતમાં બધા જ સ્તરે અધ્યક્ષની બધી જ બંઠકો અનુસૂચિત આદિજાતિ માટે આરક્ષિત રહેશે.

(હ) તાલુકા કક્ષાએ અથવા જિલ્લા કક્ષાએ જો આદિજાતિનો કોઈ પ્રતિનિધિ ન હોય તો રાજ્ય સરકાર આવા પ્રતિનિધિની નિમણૂંક કરી શકે. આવા પ્રતિનિધિએ પંચાયતમાં ચૂંટાયેલા કુલ પ્રતિનિધિઓના ૧/૧૦ ભાગ કરતાં વધારે હોવા જોઈએ નહિં. મહેસૂલી ધારા હેઠળ આદિવાસી જમીન તબદીલ માટે કલેક્ટરની મંજૂરીની સત્તા જિલ્લા પંચાયતને રહેશે.

(ઇ) રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત વિસ્તારમાં ચાલતી વિકસશીલ યોજના અને અન્ય યોજનાની અસરથી વિસ્થાપિત થયેલ લોકોના પુનઃસ્થાપન માટેની જમીન સંપાદન કરતાં પહેલાં સમયસ્તરે વાસ્તવિક આયોજન માટે અને યોજનાના યોગ્ય સ્તરે ગ્રામસભા અથવા પંચાયત પાસે મસલત/સૂચનો મેળવવાના રહેશે.

(જ) અનુસૂચિત વિસ્તારમાં યોગ્ય સ્તરે પાણીના નાના કામોનું આયોજન અને વહીવટ પંચાયત કરે તથા કાર્યક્રમો- યોજનાઓના અમલમાં પંચાયત ફંડના ઉપયોગનું પ્રમાણપત્ર ગ્રામસભાનું લેવાનું રહેશે.

(ક) અનુસૂચિત વિસ્તારમાંથી ભાડાપટ્ટે ગૌણ ખનીજો મેળવવા માટેની પ્રક્રિયાના લાઈસન્સ મેળવતાં પહેલાં ફરજિયાત પણ યોગ્ય સ્તરે ગ્રામસભા કે પંચાયતની ભલામણ લેવાની રહેશે.

(લ) ગૌણ ખનીજોને વિકસાવીને આર્થિક લાભ હરાજી દ્વારા મેળવવા માટે છૂટછાટની મંજૂરી માટે હુકમના સ્વરૂપની ભલામણો યોગ્ય સ્તરે ગ્રામસભા કે પંચાયતની સૌપ્રથમ લેવાની રહેશે.

(મ) અનુસૂચિત વિસ્તારોમાં જ્યારે સ્થાયી પંચાયતોને એવી સત્તા અને જવાબદારીઓ આપવામાં આવશે કે જેથી તે એક સ્વરાજ્યની સંસ્થા તરીકે કામ કરી શકે, રાજ્ય ધારાસભા યોગ્ય સમયે ગ્રામસભા અને પંચાયતને ખાસ કરીને સ્થાઈ આવક ઉભી કરવા માટે

(1) કોઈપણ નશાકારક વસ્તુઓનાં વપરાશ અને વેચાણ પર પ્રતિબંધ, નિયંત્રણ અને રોકવા માટેની સત્તા.
(2) ગૌણ વન પેદાશો પર માલિકી
(3) અનુસૂચિત વિસ્તારોમાં જમીનની તબદીલી કરતાં રોકવાનો અધિકાર અને આદિવાસીઓની બિનકાયદાકીય હાથ બદલો થયેલી જમીનને પાછી મેળવવા માટે યોગ્ય કાનૂની કાર્યવાહી કરવાની સત્તા.
(4) ગામની બજાર વ્યવસ્થા કે જે નામે કહેવાય તેને સંચાલન કરવાની સત્તા.
(5) આદિવાસીઓને વ્યાજે નાણાં ધીરનાર સામે નિયંત્રણ કાર્યવાહી કરવાની સત્તા.
(6) સામાજિક ક્ષેત્રોની બધીજ સંસ્થાઓ અને કર્મચારીઓ ઉપર નિયંત્રણ, કાર્યવાહી કરવાનો અધિકાર.
(7) સ્થાનિક આયોજન અને સંસાધનો કે જેમાં આદિજાતિ પેટા યોજનાનો સમાવેશ થાય છે તેની ઉપર નિયંત્રણની સત્તા.

(8) રાજ્યધારાસભાએ સ્થાઈ પંચાયતોને એવી સત્તાઓ અને અધિકારો આપવા કે જેથી તે સ્વરાજની સંસ્થા તરીકે કામ કરી શકે. અને ઉચ્ચકક્ષાએ પંચાયત એવું માની શકે નહિં કે ગ્રામસભાએ નિમ્ન કક્ષાએ (પંચાયતને) સત્તા અને અધિકારની સલામતી નથી.

(9) રાજ્યની ધારાસભાએ અનુસૂચિત વિસ્તારોમાં આવેલ જિલ્લા સ્તરની પંચાયતોની વહીવટીય ગોઠવણી બંધારણના છઠ્ઠા પરિચ્છેદની પ્રથમા પ્રમાણે જળવાઈ રહે તે માટે ધ્યાન રાખવાનું રહેશે.

(ય) બંધારણના ભાગ - ૯ના આ અધિનિયમમાં વિરોધાભાસ ન હોય તેવા પંચાયતને લગતા લાગુ કાયદાઓ, અપવાદો અને સુધારા જે આ નિયમને કારણે બનશે. અનુસૂચિત વિસ્તારો માટે પંચાયતના કાયદાને લગતી જોગવાઈઓ રાષ્ટ્રપતિની મંજૂરી મળવાની તારીખ પહેલાં કે જે બંધારણના ભાગ - ૯ના સુધારા અને અપવાદોની સાથે વિસંગત હોય તેમ છતાં જ્યાં સુધી તેને સક્ષમ વિધાયક અથવા સક્ષમ સત્તાધિશ કે જ્યાં સુધી અધિનિયમ ખાતાની તારીખથી એક વર્ષ સુધી રાષ્ટ્રપતિની મંજૂરી ન આવે ત્યાં સુધી આ અધિનિયમનો અમલ કરવાનો રહેશે.

વધુમાં બધી જ પંચાયતોએ એનો નિયમિત સમયગાળો પૂરો થાય તે તારીખ પહેલાં કે રાજ્યના દરેક ગૃહની આગળ જ્યાં સુધી રાજ્યની ધારાસભા જે કાઉન્સીલની અસર નીચે તેને રદ કરવા અંગેનો ઠરાવ પસાર કરવામાં ન આવે ત્યાં સુધી તે પંચાયત ચાલુ રહેશે.

- **ઉપસંહાર:**

શિડ્યુલ એરિયામાં ભૂરિયા સમિતિનો - ૧૯૯૬ જે કાયદો આવ્યો તેમાં PESA ACT શ્રેષ્ઠ છે. તેમાં જોઈએ તો પંચાયતમાં સરપંચ, પંચાયત તથા જિલ્લા પંચાયતના સભ્યો, અધ્યક્ષો, ઉપાધ્યક્ષો, મંત્રી, સહમંત્રી, વિવિધ મંડળના હોદ્દેદારો, ગ્રામ આગેવાનો સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો, સરકારી મંડળીના સભ્યો, રાજકીય ચૂંટાયેલા સભ્યો વગેરેનો અભિપ્રત્ય નવા કાયદા તરફ ઝોક વધારે જોવા મળે છે. આમ છતાં ભૂરિયા કમિટિનો પંચાયત ધારો તાત્કાલિક લાગુ કરવો જોઈએ તેમ છતાં ઝડપથી અમલ થયો નથી. તે એક અહોભાગ્ય કહી શકાય. આ કાયદાનું શિડ્યુલ એરિયામાં સવેળા પાલન થવું જોઈએ.(સંદર્ભ : ટ્રાયબલ ડેવલોપમેન્ટ, પર્સપેક્ટિવ એન્ડ ઈસ્યુઝ, ડૉ. મહેશ ગામીત.જે.સી. પટેલ. પાના નંબર - ૧૮૨ થી ૧૯૯ લેખ - ગ્રામ પંચાયત (ગ્રામ સભા), તાલુકા પંચાયત - જિલ્લા પરિષદનાં કાર્ય - સત્તાઓ અને ૧૯૯૬ના (પેસા એક્ટ) પંચાયત ધારાની જોગવાઈ : બચુભાઈ એસ. બરંડા.)

➢ સંદર્ભ સાહિત્ય:


- છઠ્ઠી રિપોર્ટ (1999-2000 એવમ્ 2000 – 2001), રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ આયોગ (હિન્દી આવૃત્તિ) , ભારત સરકાર.
- ઢેબર કમિશન અહેવાલ (અનુસૂચિત વિસ્તાર અને અનુસૂચિત જનજાતિઓના સંદર્ભમાં), ૨૦૦૫, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14
- ગામીત મહેશ ,પટેલ, જે.સી.(2013).ટ્રાયબલ ડેવલોપમેન્ટ, પર્સપેક્ટિવ એન્ડ ઈસ્યુઝ
- સામાજિક ન્યાય અને અધિકારિતા ( આદિજાતિકાસ) વિભાગ, સચિવાલય ગાંધીનગર ઠરાવ ક્માંકઅજસ/2013/20 જુ.ઓ.આઈ/23/ચ તા. 05-09-203નો ઠરાવ.
- **Planning for the Sixth Schedule areas, Report of the Expert Committee. (September – 2006), New Delhi, Ministry of Panchayatiraj Government of India.**
- **A Report on Status of Panchayats Extension to scheduled Area (PESA) Act, 1996 in the states of Andhra Pradesh, Orissa, and Jharkhand. Gujarat and Chhattisgarh. Planning Commission Government of India, New Delhi.**
- **Delimitation of Parliamentary and Assembly Constituencies order, 2008 Election Commission of INDIA**
- **www.tribal.nic.in**
- **www.trti.gujarat.gov.in**
- **www.tribal.gujarat.gov.in**
- **www.ncst.nic.in**


.................................................................................................


ડૉ.સંજય ર.પટેલ,

આશિ.પ્રોફેસર-સમાજશાસ્ત્ર

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી અમદાવાદ

E-mail- sanjay.patel@baou.edu.in